Navgujarat Samay
Date: 14/08/2026, Pg. 12

48.48 કિ.મી.ના 3 હાઈબ્રિડ કોરિડોરની ડિઝાઇનની કવાયત : 35.81 કરોડના ચાર ટેન્ડરથી યુટિલિટી શિફ્ટિંગ-ગ્યાસપુર ડેપોની કામગીરી શરૂ

# મેટ્રોનું મહાવિસ્તરણ : રખિયાલના મલેક્સાબાન લેકથી નહેરુનગર સુધી 21.6 કિ.મી. લાંબો કોરિડોર વિકસાવાશે

ફેઝ-2Aમાં બાંધકામ માટેના ટેન્ડર અને ફેઝ-3માં સર્વે યુટિલિટી શિફ્ટિંગ અને ડિઝાઈન કન્સલ્ટન્સી જેવા બાંધકામ માટે ટેન્ડર જાહેર

**GMRC 'એક્શન મોડ'માં | ફેઝ-3ના ત્રણેય પેકેજને મેટ્રો-કમ-RRTS હાઈબ્રિડ કોરિડોર તરીકે વિકસાવવાની યોજના**



મુન્નવર પતંગવાલા > ગાંધીનગર

અમદાવાદ મેટ્રો ફેઝ-3 માટે પબ્લિક ઈન્વેસ્ટમેન્ટ બોર્ડ-PIB તરફથી લીલીઝંડી મળ્યા બાદ કેન્દ્રીય કેબિનેટની આખરી મંજૂરીની પ્રક્રિયા સમાંતર આગળ વધી રહી છે ત્યારે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન(GMRC)એ કામમાં વિલંબ ટાળવા અને મંજૂરી મળ્યા બાદ બાંધકામ તબક્કામાં મોડું થાય નહીં તે માટે પૂર્વ તૈયારી શરૂ કરી છે. ફેઝ-3B, ફેઝ-3C અને ગ્યાસપુર ડેપોના વિકાસમાં અવરોધક વીજળી, પાણી, ગેસ, ગટર અને ટેલિકોમ સહિતની ભૂગર્ભ યુટિલિટી લાઈનો ખસેડવા માટે રૂ.35.81 કરોડના અંદાજીત ખર્ચના ચાર ટેન્ડર બહાર પાડ્યા છે. આ સાથે જ GMRCએ ફેઝ-3ના ત્રણ મહત્ત્વના મેટ્રો-કમ-RRTS હાઈબ્રિડ કોરિડોર માટે વિગતવાર ડિઝાઈન કન્સલ્ટન્સીની પ્રક્રિયા પણ શરૂ કરી છે. વકીલ બ્રિજ-બાદરાબાદ, APMC-રખિયાલ અને મલેક્સાબાન લેક-નહેરુનગરના 48.48 કિ.મી.ના ત્રણ કોરિડોરમાં 32 એલિવેટેડ સ્ટેશનનું આયોજન છે. એટલે એક તરફ જમીન પરનું નડતર દૂર કરવાની કામગીરી શરૂ થઈ રહી છે અને બીજી તરફ ભવિષ્યના મેટ્રો રૂટની ડિઝાઈનને પણ ગતિ આપવામાં આવી રહી છે.

મેટ્રોનું મોટું બાંધકામ શરૂ થાય તે પહેલાં રસ્તા પર વીજળી, પાણી, ગેસ, ગટર અને ટેલિકોમની લાઈનો હોય તો પિલર, વાયાડક્ટ અને સ્ટેશનનું કામ આગળ વધારવામાં સમય અને વ્યવહારિક મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે. આથી GMRCએ ફેઝ-3ના પસંદ કરાયેલા કોરિડોરમાં આવી યુટિલિટીઝનું સ્થળાંતર પહેલેથી શરૂ કરવાની દિશામાં ટેન્ડરિંગ કર્યું છે. આ કામગીરીનો સૌથી મોટો ફાયદો એ રહેશે કે, ભવિષ્યમાં પિલર અને વાયાડક્ટનું બાંધકામ શરૂ થાય ત્યારે રસ્તો વારંવાર ખોદવાની જરૂરિયાત ઘટી શકે. હાલની કામગીરીમાં યુટિલિટી શિફ્ટિંગ, સ્થળ તૈયાર કરવું, ડિઝાઈન કન્સલ્ટન્સી અને અન્ય પૂર્વ-બાંધકામ તકનીકી કામગીરીનો સમાવેશ થાય છે. અર્થાત્ કેન્દ્રીય સ્તરે અંતિમ મંજૂરી અને ત્યારબાદના બાંધકામના તબક્કા સુધી પહોંચતા પહેલાં જરૂરી તૈયારીનો સમય બચાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

ફેઝ-3B હેઠળ કેનાલ રોડથી બાદરાબાદ ડેડ એન્ડ સુધીના આશરે 12.576 કિ.મી. લાંબા એલિવેટેડ વાયાડક્ટ રૂટ પર બાંધકામમાં નડતરરૂપ યુટિલિટીઝ ખસેડવાની કામગીરી માટે આશરે રૂ.7.89 કરોડનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. આ કામગીરી પૂર્ણ કરવા માટે છ મહિનાની સમયમર્યાદા રાખવામાં આવી છે. ફેઝ-3C હેઠળ પશ્ચિમ અમદાવાદના વ્યસ્ત વિસ્તારોને સાંકળતા રિંગ કોરિડોર માટે બે અલગ યુટિલિટી-શિફ્ટિંગ ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. APMCથી પ્રકાશનગર અને વાડજ તરફના ભાગ માટે આશરે રૂ.13.82 કરોડનું ટેન્ડર છે, જ્યારે પ્રકાશનગરથી વાડજ સ્ટેશન લિન્ક માટે આશરે રૂ.13.17 કરોડનું બીજું ટેન્ડર છે. બંને કામગીરી માટે 10 મહિનાની સમયમર્યાદા રાખવામાં આવી છે. APMC જેવા મોટા વેપારી વિસ્તારથી લઈને પ્રકાશનગર અને વાડજ જેવા રહેણાક-વ્યવસાયિક વિસ્તારોને મેટ્રો નેટવર્ક સાથે જોડાશે.

## જમીન સ્તરે ચાર કામગીરીનો કેટલો ખર્ચ કેટલો

| | | |
|---|---|---|
| 1. ફેઝ-3B યુટિલિટી શિફ્ટિંગ | રૂ.7.89 કરોડ | સમયમર્યાદા : 6 મહિના |
| 2. ફેઝ-3C APMC-પ્રકાશનગર-વાડજ | રૂ.13.82 કરોડ | સમયમર્યાદા : 10 મહિના |
| 3. પ્રકાશનગર-વાડજ સ્ટેશન લિંક | રૂ.13.17 કરોડ | સમયમર્યાદા : 10 મહિના |
| 4. ગ્યાસપુર ડેપો વેસ્ટ મેનેજમેન્ટ | રૂ.92.95 લાખ | સમયમર્યાદા : 3 મહિના |

ચાર કામગીરીનો કુલ અંદાજિત ખર્ચ : રૂ.35.81 કરોડ

(નોંધ : રૂ.34.88 કરોડ પ્રથમ ત્રણ યુટિલિટી-શિફ્ટિંગ ટેન્ડરોનો સરવાળો છે. ગ્યાસપુર ડેપોના રૂ.92.95 લાખ ઉમેર્યા બાદ ચારેયનો કુલ આંકડો આશરે રૂ.35.81 કરોડ થાય છે.)

### ગ્યાસપુર ડેપો તૈયાર થશે : કચરા વ્યવસ્થાપન માટે અલગ વ્યવસ્થા

ફેઝ-3ની તૈયારી માત્ર મેટ્રો કોરિડોર સુધી મર્યાદિત રાખવામાં આવી નથી. ગ્યાસપુર ડેપો ખાતે પર્યાવરણ અને સ્વચ્છતા વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને સેન્ટ્રલાઈઝ્ડ વેસ્ટ મેનેજમેન્ટ સેલ અને વજનકાંટો સ્થાપવા માટે આશરે રૂ.92.95 લાખનું ટેન્ડર જાહેર કરવામાં આવ્યું છે. આ કામગીરી માત્ર ત્રણ મહિનામાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે, એટલે મેટ્રોના ભવિષ્યના સંચાલન સાથે સંકળાયેલી ડેપો-સ્તરની સુવિધાઓ પણ અત્યારથી તૈયાર કરવાની દિશામાં કામગીરી શરૂ થઈ રહી છે.

**સમય મર્યાદા**

(1) ગ્યાસપુર ડેપો વેસ્ટ મેનેજમેન્ટ : 29 ઓગસ્ટ, 2026 સુધી બિડ

(2) યુટિલિટી શિફ્ટિંગના ટેન્ડરો : 5 સપ્ટેમ્બર, 2026 સુધી બિડ

» આ સમયમર્યાદાઓને ધ્યાનમાં લતાં સપ્ટેમ્બર સુધીમાં આ પ્રાથમિક કામગીરી માટે કોન્ટ્રાક્ટર પસંદ કરવાની પ્રક્રિયા આગળ વધવાની શક્યતા છે.

## ફેઝ-3થી ક્યા વિસ્તારોને કનેક્ટિવિટી મળશે

ફેઝ-3ના બંને મોટા ભાગ ફેઝ-3B અને ફેઝ-3C અમદાવાદના અલગ-અલગ વિસ્તારોને મેટ્રો નેટવર્ક સાથે સાંકળવાના દૃષ્ટિકોણથી મહત્ત્વના છે. ફેઝ-3Bમાં કેનાલ રોડથી બાદરાબાદ તરફનો વિસ્તાર આવરી લેવાશે, જ્યારે ફેઝ-3Cના રિંગ કોરિડોરમાં APMC, પ્રકાશનગર અને વાડજ જેવા પશ્ચિમ અમદાવાદના મહત્ત્વના વિસ્તારો જોડાશે. બીજી તરફ GMRCના અલગ ડિઝાઈન પેકેજોમાં APMC-રખિયાલ અને મલેક્સાબાન લેક-નહેરુનગર જેવા વિસ્તારો પણ ફેઝ-3ના વિસ્તૃત નેટવર્કમાં આવે છે.

**કોને શું કનેક્ટિવિટી મળશે**

1. ફેઝ-3B : કેનાલ રોડ-બાદરાબાદ તરફનો 12.576 કિ.મી.નો એલિવેટેડ રૂટ.
2. ફેઝ-3C : APMC-પ્રકાશનગર-વાડજ સહિત પશ્ચિમ અમદાવાદના મહત્ત્વના વિસ્તારોને સાંકળતો રિંગ કોરિડોર.
3. ફેઝ-3ના ડિઝાઈન પેકેજ : વકીલ બ્રિજ-બાદરાબાદ, APMC-રાખિયાલ અને મલેક્સાબાન લેક-નહેરુનગર.

**બાંધકામમાં નડતરરૂપ યુટિલિટીઝ ખસેડવાની કામગીરી પૂર્ણ કરવા માટે છ મહિનાની સમયમર્યાદા નક્કી કરવામાં આવી**



## ફેઝ-3નું ચિત્ર સ્પષ્ટ | 48.48 કિલોમીટર, 32 સ્ટેશન

જમીન સ્તરે યુટિલિટી શિફ્ટિંગની કામગીરીની સાથે GMRCએ ફેઝ-3ના ત્રણ મોટા હાઈબ્રિડ કોરિડોર માટે વિગતવાર ડિઝાઈન કન્સલ્ટન્સીના 8 ઓગસ્ટ, 2026ના આ ટેન્ડરો ફેઝ-3ના આગામી માળખાનું કદ સ્પષ્ટ કરે છે.

**પ્રથમ કોરિડોર |** વકીલ બ્રિજ મેટ્રો સ્ટેશનથી બાદરાબાદ મેટ્રો સ્ટેશન સુધીનો છે. તેની એલિવેટેડ વાયાડક્ટ લંબાઈ 12.38 કિ.મી. અને સ્ટેશનોની સંખ્યા 6 રહેશે. આ પેકેજમાં સ્ટેશનોની અંદરના વાયાડક્ટ ભાગો, બંને બાજુના ટ્રાન્ઝિશન સ્પાન ઉપરાંત બે ડેપો-કમ-વર્કશોપ અને સ્ટાફ ક્વાર્ટર્સની ડિઝાઈનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

**બીજો કોરિડોર |** APMC મેટ્રો સ્ટેશનથી રખિયાલ મેટ્રો સ્ટેશન સુધીનો છે. આ કોરિડોરની લંબાઈ 14.50 કિલોમીટર અને એલિવેટેડ સ્ટેશનોની સંખ્યા 11 રહેશે.

**ત્રીજો અને સૌથી લાંબો કોરિડોર |** મલેક્સાબાન લેક મેટ્રો સ્ટેશનથી નહેરુનગર મેટ્રો સ્ટેશન સુધીનો છે. તેની એલિવેટેડ વાયાડક્ટ લંબાઈ 21.60 કિલોમીટર અને સ્ટેશનોની સંખ્યા 15 રહેશે.

**48.48 કિલોમીટરનું મેટ્રો ગણિત**

(1) વકીલ બ્રિજ-બાદરાબાદ : 12.38 કિલોમીટર અને 5 સ્ટેશન

(2) APMC-રાખિયાલ : 14.50 કિલોમીટર અને 11 સ્ટેશન

(3) મલેક્સાબાન લેક-નહેરુનગર : 21.60 કિલોમીટર અને 15 સ્ટેશન

કુલ : 48.48 કિલોમીટર અને 32 એલિવેટેડ સ્ટેશન

## ત્રણેય કોરિડોર મેટ્રો-કમ- RRTS હાઈબ્રિડ મોડલમાં બનશે

ફેઝ-3ના આ ત્રણેય પેકેજને મેટ્રો-કમ-RRTS હાઈબ્રિડ કોરિડોર તરીકે વિકસાવવાની યોજના છે. અહીં RRTS એટલે પ્રાદેશિક ઝડપી પરિવહન વ્યવસ્થા. આ મોડલનો ઉદ્દેશ શહેરના આંતરિક વિસ્તારો અને મોટા પરિવહન નેટવર્ક વચ્ચે વધુ ઝડપી અને સંકલિત જોડાણ ઊભું કરવાનો છે.

**ફેઝ-3નો સંપૂર્ણ રોડ મેપ**

» ફેઝ-3 ગ્રાઉન્ડ વર્ક : રૂ.35.81 કરોડના ચાર ટેન્ડર
» ફેઝ-3B યુટિલિટી શિફ્ટિંગ : રૂ.7.89 કરોડ
» ફેઝ-3C યુટિલિટી શિફ્ટિંગ : રૂ.13.82 કરોડ
» પ્રકાશનગર-વાડજ લિન્ક : રૂ.13.17 કરોડ
» ગ્યાસપુર ડેપો વેસ્ટ મેનેજમેન્ટ : રૂ.92.95 લાખ
» ફેઝ-3 ડિઝાઈન કન્સલ્ટન્સી : 3 ટેન્ડર
» ફેઝ-3 હાઈબ્રિડ કોરિડોર : 48.48 કિ.મી.
» ફેઝ-3 એલિવેટેડ સ્ટેશન : 32
» સૌથી લાંબો ડિઝાઈન કોરિડોર : મલેક્સાબાન લેક-નહેરુનગર, 21.60 કિ.મી.

**ફેઝ-2A**
6.032 કિલોમીટર, 5 સ્ટેશન, જેમાં 4 એલિવેટેડ અને 1 ભૂગર્ભ સ્ટેશન છે